વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

Aug -2025

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.

## જ્ઞાનવૈભવધારી સાતિશય શ્રુતજ્ઞાનના ધણી ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર ચૈતન્યરત્ન પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ૧૧૨માં મંગલકારી જન્મજયંતી મહોત્સવ પ્રસંગે

## શત શત વંદન




(પૂજ્ય) બહેનશ્રી ગણધરનો જીવ છે. એટલે એ ભવિષ્યમાં બાર અંગ રચવાના છે. બહેનશ્રીની બહુ સૂક્ષ્મ નજર હતી. વર્તમાન સમાજને ખરેખર શું જરૂર છે? એ એમને બહુ જ્ઞાનમાં આવ્યું છે. એમના વચનામૃત બહાર પડ્યા ત્યારે ગુરુદેવ ફિદા થઈ ગયા, આફરીન થઈ ગયા! એક-એક બોલમાં એકલું અધ્યાત્મનું અમૃત જ છે એમ કહીએ તો ચાલે. ભાવનાનો વિષય સ્થાપીને તો એમણે નિવેડો લાવી દીધો છે. મુમુક્ષુઓને તો એક રત્ન જ હાથમાં આવી ગયું, એમ કહીએ તો ચાલે.

- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૧ : અંક–૩૩૨, વર્ષ–૨૭, ઑગષ્ટ–૨૦૨૫






## ‘ધન્ય અવતાર’ પ્રશમમૂર્તિ ભગવતીમાતા પ્રત્યે પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રમોદપૂર્ણ હૃદયોદ્ગારો!!

જેને આનંદમાં જમવટ જામી છે, જેને અતીન્દ્રિય આનંદના કોળિયા લેવાય છે અને જે અતીન્દ્રિય આનંદને ગટક ગટક પીએ છે એવા ધર્મીનું (–સાધકનું) આ સ્વરૂપ બેનના મુખેથી (વચનામૃતમાં) આવ્યું છે. તદ્દન સાદી ભાષા. પ્રભુના સમોવસરણમાં આમ વાત ચાલતી, ભાઈ!... અરે! આ વાત બેસે તે તો ન્યાલ થઈ જાય તેવું છે. જિનેશ્વરદેવનું જે ફરમાન છે તે આ બેન કહી રહ્યાં છે.

*

બેનને અસંખ્ય અબજો વર્ષનું જ્ઞાન છે – ૯ ભવનું જ્ઞાન છે(–૪ ભૂતના,૪ ભવિષ્યના). બેન તો ભગવાન પાસેથી આવ્યાં છે. અનુભવમાંથી આ વાત આવી છે. ઉદયભાવથી તો મરી ગયાં છે, આનંદથી જીવે છે. પરમાત્મા પાસેથી આવ્યાં છે. સાક્ષાત્ પરમાત્મા ત્રણ લોકના નાથ બિરાજે છે સીમંધરભગવાન, ત્યાં અમે સાથે હતા. શું કહીએ પ્રભુ! સીમંધર પરમાત્મા પાસે ઘણી વાર જતા હતા. તે ભગવાનની આ વાણી છે. બેન તો આનંદસાગરમાં....

*

બેનને તો એક આનંદ આનંદ આનંદ! ને આખો દી સહજ નિવૃત્તિ; બસ, બાકી કાંઈ કરતાં કાંઈ નહિ. કોઈ વંદન કરે કે નહિ એની સામે પણ જુએ નહિ. કોઈ સાથે લવથવ નહિ.

*

અરે! આ જીવ (બહેનશ્રી ચંપાબેન) તો કોઈ અલૌકિક છે! વધારે બોલતાં નથી એટલે કંઈ છે નહિ એમ નથી. આ તો ગંભીર દ્રવ્ય છે!

એમનો પુરુષાર્થ તો એવો ફાટફાટ ઊપડેલો છે કે જો એ પુરુષ હોત તો ક્યારના મુનિદીક્ષા લઈ વનજંગલમાં ચાલ્યા જાત, અહીંયાં દેખાત પણ નહિ; શું કરે, સ્ત્રીનો દેહ છે!

...જેમ માળામાં મણકાનો મેર હોય છે તેમ આ તો આખા મંડળના–મણકાના મેર છે. એમનાથી જ મંડળ શોભે છે. એમનાથી તો બધાં હેઠે, હેઠે ને હેઠે છે.

*


૨૮ વર્ષ થઈ ગયાં જાતિસ્મરણ થયાંને, પણ બહાર પડવાની જરાય જેને (બહેનશ્રી ચંપાબેનને) વૃત્તિ નથી ઊઠતી–પ્રતિબિંબ જેવાં ઠરી ગયાં છે. જેને પોતાને સાગરોપમ વર્ષોનું જ્ઞાન છે તોપણ ગુપ્ત! મને પણ નથી કહ્યું. મારી બધી વાત કહી જાય, પણ પોતાની નહિ. ....એમનો આત્મા કેટલો ગંભીર! અલૌકિક! અચિંત્ય! અદ્ભુત!- શબ્દો ઓછા પડે છે. આ તો સાગર સમાન ગંભીર છે.

*

બેનને (ચંપાબેનને) તો ચાર ભવનું જ્ઞાન (જાતિસ્મરણ) છે. અસંખ્ય અબજો વર્ષનું જ્ઞાન છે એમને! આ તો કોઈ અલૌકિક આત્મા છે. ચંપાબેનની શક્તિ તો ગજબ છે. નરમ નરમ નરમ છે. સ્ત્રી–દેહ છે પણ કંઈ સ્ત્રીદેહ થોડો નડે છે? ૩૪ વર્ષ થયાં એમને જ્ઞાન પ્રગટ્યાને. સ્ત્રીઓમાં ધર્મરતન છે

*

બેન (બહેનશ્રી ચંપાબેન) તો આરાધનાની દેવી છે. પવિત્રતામાં આખા ભારતમાં અજોડ છે. એમની છત્રછાયા આખા સોનગઢમાં છે. ઓહો!



બેન તો ભગવતીસ્વરૂપ છે. તારે બીજે ક્યાં ગોતવા જાવું છે? એમનાં દર્શન કર ને! એક વાર ભાવથી જે એમનાં દર્શન કરશે એનાં અનંત કર્મબંધન ઢીલાં થઈ જશે. એમનાં ચરણોમાં જે વિંટાઈને રહેશે એને ભલે સમ્યગ્દર્શન ન થાય, તત્ત્વનો અભ્યાસ ન હોય, તોય એનો બેડો પાર છે.

*

ચંપાબેન તો આ કાળનું આશ્ચર્ય છે.

*

આજ બેનનો જન્મદિન છે ને!.... બધાંને કેટલો ઉલ્લાસ દેખાય છે; એમને કાંઈ છે? અધ્યાત્મમાં એમની સ્થિતિ ઉદાસ, ઉદાસ ને ઠરેલી છે.

*

બેન (ચંપાબેન) ની નિર્મળતા ઘણી ઘણી! નિર્મળતા–નિર્મળતા! અપૂર્વ અપૂર્વ સ્મરણ! શાંત ને ગંભીર! બેન તો ધર્મરતન છે. મહાવિદેહમાં ઘણી નિર્મળતા હતી; ત્યાંની નિર્મળતા લઈને અહીંયાં આવ્યાં છે. એકાંતપ્રિય, શાંતિથી એકલાં બેસી પુરુષાર્થ કર્યા કરે છે. એમને ક્યાં કોઈની પડી જ છે! કુટુંબનીયે નથી પડી. અંતર સ્વરૂપપરિણતિમાં રહે છે.



*

ઓહો! બેનના જ્ઞાનની નિર્મળતાની શી વાત કરવી! ઘણું સ્પષ્ટ જ્ઞાન! ....બેન તો જબરી આરાધના કરે છે. એકલાં બેઠાં પોતાનું કામ કર્યા જ કરે છે...હવે તો એમને બહાર પાડવાં જ છે. એમનો જયજયકાર થશે, એમની ઘણી જાહોજલાલી થશે, જે જીવશે તે જોશે. અલૌકિક દ્રવ્ય છે, એમની લાઇન જ જુદી છે.

*

શ્રી કુંદકુંદ–આચાર્યદેવ વિદેહમાં ગયા હતા તેના કોણ સાક્ષી છે? સાક્ષી આ ચંપાબેન બેઠાં છે તે છે.

*

બેનની ગંભીરતા તો જુઓ! બેનના બોલ (વચનામૃત) બહુ ગંભીર છે. બેનને તો ક્યાં બહાર પડવું છે? માંડ બેનનું પુસ્તક બહાર આવ્યું. બેનનું પુસ્તક તો બહુ સરસ! બહુ સરસ! અધ્યાત્મની રુચિ હોય તેને માટે તો બહુ સરસ. આવું ક્યારે બહાર આવે! બેનને તો વિચાર નહોતો ને બહાર આવી ગયું. જગતનાં ભાગ્ય છે!

*

બેનનો આત્મા તો મંગળમય છે, ધર્મરતન છે. હિંદુસ્તાનમાં બેન જેવાં અજોડ સ્ત્રીઓમાં કોઈ છે નહિ, અજોડ રત્ન છે. બાઈઓનાં તો મહાભાગ્ય છે કે આવું રત્ન મળ્યું છે.

*

(બહેનશ્રીને આવતાં દેખીને કહ્યું–) બેન માટે જગ્યા કરો, 'ધર્મની શોભા' ચાલી આવે છે. બેન નથી સ્ત્રી, નથી પુરુષ, તે તો સ્વરૂપમાં છે. ભગવતીસ્વરૂપ એક ચંપાબેન જ છે, તેમની દશા અલૌકિક છે. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

*

આ તો બેનનાં અંદરનાં વચન છે ને! બેનની ભાષા સાદી, પણ અંતરની છે. અનુભવ વિદ્વત્તા માગતો નથી, અંતર અનુભૂતિ અને રુચિ માગે છે. આ બેનના શબ્દો છે તે ભગવાનના શબ્દો છે. ભાષા ય નવી ને ભાવો ય નવા! સાદી ભાષામાં અંદર રહસ્ય છે. લાખો પુસ્તકો છપાયાં, મેં કોઈ દિવસ કહ્યું ન હતું; જ્યાં આ (વચનામૃત) હાથમાં આવ્યું, (જોયું–વાંચ્યું) ને રામજીભાઈને કહ્યું: ભાઈ! આ પુસ્તક લાખ છપાવો.

*

(બહેનશ્રીનાં વચનામૃત) પુસ્તક ટાઈમસર બહાર પડ્યું. બેનને ક્યાં બહાર પડવું જ છે, પણ પુસ્તકે બહાર પાડ્યાં. ભાષા સરળ છે પણ ભાવ ઘણા ગંભીર છે. મેં આખું વાંચી લીધું છે. એક વાર નહિ પણ પચીસ વાર વાંચે તોય સંતોષ ન થાય એવું પુસ્તક છે. આ દસ હજાર પુસ્તક છપાવીને બધા હિન્દી–ગુજરાતી 'આત્મધર્મ' ના ગ્રાહકોને ભેટ દેવાં એમ મને થયું.

*

આ બેનનાં વચનો છે તે અનંત જ્ઞાનીનાં વચનો છે. ઈન્દ્રોની સમક્ષ અત્યારે શ્રી સીમંધરદેવ જે ફરમાવે છે તે આ વાણી છે, આ ચોપડી સાધારણ નથી, આમાં તો બહુ ભર્યું છે. ભાષા મીઠી છે, સાદી છે; ભાવો ઊંડા ને ગંભીર છે. દિવ્યધ્વનિનો આ અવાજ છે. અરે! એક વાર મધ્યસ્થપણે આ વાંચે તો ખરો! ભગવાને કહેલી જે ૐકાર ધ્વનિ છે એમાંથી નીકળેલો આ સાર બેને કહેલ છે.

*

આ કાળનો જોગ અનુકૂળ છે; બેન જેવાંનો આ કાળે અવતાર છે. અરે! ધર્માત્મા ગૃહસ્થના ભેટા થવા પણ અનંત કાળે મોંઘા છે. ભાઈઓને આ કાળે ધર્માત્મા પુરુષ મળી આવે, પણ આ કાળે બહેનોનાં પણ સદ્ભાગ્ય છે.



*

બેનથી બોલાઈ ગયું અંતરમાંથી. ત્યાંથી (વિદેહક્ષેત્રથી) આવેલી વાત છે. બેન ત્યાંથી આવ્યાં છે...બેન (દીકરિયું પાસે) બોલેલાં ને લખાઈ ગયું, નહિતર તો બહાર આવે જ ક્યાંથી? (આ બધું) કોતરવાનું છે પથ્થરમાં (આરસનાં પાટિયામાં).

*

આ તો બેનની ભાષા તદ્દન સાદી અને અંદરથી બોલેલી. આ તો જરીક બોલ્યાં અને લખાઈ ગયું, નહિંતર તો બહાર આવે જ ક્યાંથી? એકલાં રતન પડ્યાં છે! અન્યમતીનેય એમ થાય કે આવું ક્યાંય નથી! હીરાનો ભંડાર છે!

*

આ બેનનાં વચનો છે. અંતર આનંદના અનુભવમાંથી આવેલી વાત છે. ઘણું જોર અંદરનું, અપ્રતિહત ભાવના. આત્માનું સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદની અનુભૂતિ–એમાંથી આ વાત આવી છે. આનંદના સ્વાદમાં મડદાની જેમ હાલે. અહાહા! સચ્ચિદાનંદ પ્રભુ છે બેન! અંતરની મહત્તા આડે બહારનું કાંઈ લક્ષ જ નથી. અનુભવી, સમકિતી, આત્મજ્ઞાની છે. આત્માનો અનુભવ તો છે પણ સાથે અસંખ્ય અબજ વર્ષોનું જાતિસ્મરણ જ્ઞાન છે. પણ લોકોને બેસવું કઠણ પડે.

*

બેન (ચંપાબેન) તો જૈનનાં મીરાંબાઈ છે. ભાનસહિતની ભક્તિ છે, આંધળી દોડ નથી.

*

વચનામૃતના એક એક ફકરામાં, એક એક શબ્દમાં, નિધાન ભર્યાં છે. જેને તળિયાં પકડતાં આવડે તેને અગાધતા લાગે સ્વભાવની. પર્યાયે પ્રભુને સંઘર્યો, આખો જ્ઞાનમાં લઈ લીધો. આ તો સિદ્ધાંતનું દોહન છે. જગતનાં ભાગ્ય કે આ (બેનનું પુસ્તક) ટાણે બહાર આવી ગયું. થોડા શબ્દોમાં, સાદી ભાષામાં, મૂળ તત્ત્વને પ્રગટ કર્યું.

*

ચંપાબેન ખરેખર અજોડ રતન છે; તે તો અંદરથી સાવ ઉદાસ છે; તેમને બહારનું આ બધું કાંઈ ગમતું નથી; પણ લોકોને તો ભક્તિ-પ્રેમથી બહુમાન કરવાના ભાવ આવે ને!

*

બેન તો મહાવિદેહથી આવ્યાં છે. એમના અનુભવની આ (વચનામૃત) વાણી છે. હીરાથી વધાવ્યાં તો ય તેમને કાંઈ નહિ. બેન તો (થોડા ભવમાં) કેવળજ્ઞાની થશે.

*

વચનામૃતના એક-એક શબ્દમાં સારો (-પૂરો) સાર ભર્યો છે. વિચારને દીર્ઘપણે લંબાવીને અંતરમાં જા. અહાહા! બેનની (ચંપાબેનની) કેવી સ્થિતિ છે! કહે છે-'આત્મા' બોલતાં શીખ્યા તો અહીંથી (-ગુરુદેવ પાસેથી)! ગજબ છે એમનો વિનય અને નમ્રતા!

*

બેનને ખબર નહિ કે કોઈ લખી લેશે. એમને બહાર પડવાનો જરા પણ ભાવ નહિ. ધર્મરતન છે, ભગવતી છે, ભગવતીસ્વરૂપ માતા છે. (એમનાં આ વચનો) આનંદમાંથી નીકળ્યાં છે. ભાષા મીઠી આવી ગઈ છે.

*

બેન અત્યાર સુધી ગુપ્ત હતાં. હવે ઢાંક્યું નહિ રહે - છાનું નહિ રહે. એમનાં વચનો તે ભગવાનની વાણી છે, તેમના ઘરનું કાંઈ નથી - દિવ્ય ધ્વનિ છે. બેન તો મહાવિદેહથી આવ્યાં છે. આ વચનામૃત લોકો વાંચશે, વિચારશે, ત્યારે ખ્યાલ આવશે આ કેવું પુસ્તક છે! એકલું માખણ છે.

*

(બેનની) આ વાણી તો આત્માના અનુભવમાં - આનંદમાં રહેતાં રહેતાં આવી ગઈ છે. અમે ભગવાન પાસે પૂર્વે હતા. બહુ ઊંચી વાત છે. અત્યારે આ વાત બીજે ક્યાંય નથી. બેન (ચંપાબેન) તો સંસારથી મરી ગયાં છે. અપૂર્વ વાત છે બાપુ!



*

બેનનું પુસ્તક તો એવું બહાર પડ્યું છે કે મારા હિસાબે તો બધાને ભેટ દેવું જોઈએ. બહુ સાદી - બાળક જેવી ભાષા; સંસ્કૃત ભાષા નહિ. બહુ જોરદાર ગંભીર વાતો એમાં છે.

*

બેનના પુસ્તકમાં બહુ ટૂંકું ને માલ-માલ છે. અન્યદર્શનીઓને પણ ગમે તેવું છે.....અરે! એમાં તો તારી મહિમા ને મોટપની વાતો છે. મુનિઓની વાત કેવી લીધી છે! - 'મુનિઓને બહાર આવવું એ બોજો લાગે છે.' આ પુસ્તક બહાર આવ્યું એ ઘણું જ સરસ! અંદર થોડામાં ઘણી વાતો છે.

*


બેન તો એક અદ્‌ભુત રતન પાક્યાં છે. શક્તિ અદ્‌ભુત છે. અતીન્દ્રિય આનંદના વેદનમાં એને કાંઈ પડી નથી. હિન્દુસ્તાનમાં એમના જેવો કોઈ આત્મા નથી. આ પુસ્તક બહાર પડ્યું એટલે કાંઈક ખબર પડે.

*

('ધન્ય અવતાર'માંથી સાભાર)

# ‘બહેનશ્રીના વચનામૃત’–મુમુક્ષુની ‘ગીતા’!!





**પ્રશમમૂર્તિ ભગવતી માતા પ્રત્યે ભક્તિપૂર્ણ હૃદયોદ્‌ગારો !!**

**– સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ**

**મુમુક્ષુ : ‘બહેનશ્રી’નાં બોલ કેવા આવ્યા છે !**

**પૂજ્ય ભાઈશ્રી :** એક એક બોલમાં બહુ કસ ભર્યો છે ! એટલે તો ‘ગુરુદેવે’ એક જગ્યાએ પ્રશંસામાં બહુ સારી વાત કરી છે. (‘પરમાગમસાર’માં) ૮૫ નંબરનો એક બોલ છે. મુનિદશાના વર્ણન ઉપરથી પ્રશંસા કરી છે. *‘જેમ પુત્રમાં પિતાનો અણસાર આવે છે તેમ મોક્ષમાર્ગી મુનિઓમાં વીતરાગી જિન ભગવાનનો અણસાર–વીતરાગતાનો અણસાર આવે છે.’* જિનેન્દ્રની પરિપૂર્ણ વીતરાગતા જેમ પ્રદર્શિત છે, પ્રસિદ્ધ છે, પ્રગટ છે એનો અણસાર મુનિભગવાનમાં આવે છે. વર્તમાનમાં એવા ભાવલિંગી મુનિ ઉપસ્થિત નહીં હોવા છતાં આબેહૂબ વર્ણન કર્યું છે ! આ શ્રુતજ્ઞાનની શક્તિ છે. મતિ–શ્રુતની આ શક્તિ છે કે વસ્તુ સામે ઉપસ્થિત નથી છતાં કહી દેખાડે છે કે આવી વસ્તુ છે !

‘શ્રીમદ્‌જી’એ ‘અપૂર્વ અવસર’ લખ્યું. (એ પોતે) ક્યાં મુનિ હતા? (છતાં) આબેહૂબ એનું વર્ણન કર્યું કે આવી મુનિદશા હોય છે. *‘શાંત... શાંત... વીતરાગતા... અકષાય તરવરે છે.’* મુનિરાજનો બહારનો દેદાર એવો હોય છે કે એની શાંતિ અને વીતરાગતા અછાની રહેતી નથી. હવે આ ગ્રંથ ઉપર પોતે બોલે છે કે *‘બહેનશ્રીનાં વચનામૃત...’* એ ગ્રંથનું નામ છે. *‘વાંચશે તેના કાળજામાં સત્યના ઘા વાગી જાય એવી વાતો છે.’* માણસને મર્મસ્થાનમાં ઘા પડે તો જલદી રુઝાતો નથી. આ તો એવો ઘા (છે) – સત્યનો ઘા એવો છે (કે) સાદિઅનંત (સમાધિ સુખ થઈ જાય). એકવાર એને ઘા પડવો જોઈએ. અહીંયાં એ વિષયના સંસ્કાર (પડી જાય) છે. રુચિવંત થઈને સત્યને સાંભળે અને સત્યનો સંસ્કાર ન પડે – ન ભૂતો ન ભવિષ્યતિ, કોઈ દિવસ બને નહિ, બન્યું નથી અને બનવાનું નથી. એ વાત પોતે વિષયને ઓળખીને સ્પષ્ટ કરી છે.

આ ‘ગુરુદેવ’ જેવા અસાધારણ વિશ્વવિભૂતિ જેવી જે વ્યકિત છે એનું certificate છે. certified by નથી કરતાં ? કોઈ degree ધારી અધિકારી હોય તો નથી કહેતા? આ court માંય ચાલે છે કે નહીં? copy attested કરેલી હોય છે – certified by so and so. ફલાણાં જજથી આ certify કરેલી વાત છે. બરાબર (છે), હવે એમાં ફેર હોય નહીં. આ ‘ગુરુદેવે’ certify કરેલું છે કે આ ગ્રંથ એવો છે કે જો રુચિથી એનું અધ્યયન અને સ્વાધ્યાય કરવામાં આવે તો એ જીવને સંસ્કાર અવશ્ય પડે એવું છે. આત્માના હિત વિશેનું આ પહેલામાં પહેલું

પ્રથમ ચરણ છે. પછી એ આત્માનું હિત અવશ્ય થવાનું છે, થવાનું છે ને થવાનું જ છે. *'એવી વાતો છે. આ પક્ષની વાતો નથી.'* આ તો કહેવું પડ્યું છે કોઈ બીજી રીતે ખતવતા હશે કે પક્ષ કરે છે... પક્ષ કરે છે, 'ગુરુદેવ' પક્ષ કરે છે એટલે કહેવાઈ ગયું છે કે આ પક્ષની વાત નથી, *'વસ્તુ સ્થિતિની વાત છે.'* વસ્તુસ્થિતિ જ જોઈને કહીએ છીએ કે આત્મહિત કરવું હોય તો આવી એક જૈનદર્શનના સાહિત્યમાં નવી ચીજ ઉમેરાઈ ગઈ છે ! નવી એટલે? એ તો મૂળની ચીજ છે પણ એવી કોઈ શૈલીથી આવી છે કે ઓછામાં ઓછા ક્ષયોપશમવાળા સાદી ભાષાને સમજી શકે એવા જીવો માટે પણ એ ઉપલબ્ધ છે.

(પ્રવચનાંશ...'બહેનશ્રીના વચનામૃત'-૧૧૨, 'અધ્યાત્મ સુધા' ભાગ-૩, તા-૧૫-૫-૧૯૮૭, પ્ર. ક્ર.-૮૮, પાનું -૪૪૮-૪૫૦)

*

મુમુક્ષુ : 'ગુરુદેવે' આપણને ઘણી કરુણાથી કીધું છે કે, 'બહેનશ્રીને વીંટળાઈને રહેશે એનો બેડો પાર છે.'

પૂજ્ય ભાઈશ્રી : આજ્ઞા જ કરી છે ખરેખર તો. અને ખરેખર છે કે, આવા નિકૃષ્ટ કાળમાં આ તો એમનો double ઉપકાર છે ! પહેલો ઉપકાર આત્મા બતાવ્યો એ છે અને બીજો ઉપકાર સત્પુરુષને બતાવ્યા એ છે. નહિતર સાધારણ દૃષ્ટિએ સાંભળે કે, ઠીક છે ! આ તો મહાપુરુષે કહ્યું છે એ વાતને વજન આપવાની વાત છે. બહુ મોટી વાત છે. double ઉપકાર છે એમનો, બમણો ઉપકાર છે ! નહિતર સામાન્ય રીતે પૂર્વગ્રહ એવો હોય કે, ઠીક છે, ઠીક છે. એમ થઈને ગૌણ થઈ જાય એટલે અવગણના થઈ જાય. એવી ભૂલેચૂકે અવગણના ન કરે એને માટે સ્પષ્ટતા કરી.

મુમુક્ષુ : ઈશારાથી કીધું છે કે, આ અમારાથી વિશેષ છે.

પૂજ્ય ભાઈશ્રી : ઘણું કીધું છે. કહેવામાં ખરેખર તો કેટલાક સહન ન કરી શકે એટલું બધું કહી દીધું! પણ એ તો હિતબુદ્ધિ હોય એને તો થોડું કહે તોપણ ઘણું સમજાય. આટલું બધું કહેવાની જરૂર તો કાંઈક દેખાણી હશે કે, એવા પણ જીવો છે કે અવગણનાવિશેષ કરી જાય છે. (એટલે) વિશેષ ભાર દઈને કીધું. કલ્યાણ કરવું હોય એણે સમજી લેવું. બાકી તો બીજો કોઈ ઉપાય જગતમાં નથી.

મુમુક્ષુ : પુરુષ હોત તો મુનિરાજ હોત !

પૂજ્ય ભાઈશ્રી : હા, ખરી વાત છે. બીજા કોઈ ગૃહસ્થીમાં હોય, બીજા ગૃહસ્થને યોગ્ય ઉદયભાવમાં હોય તો તો જીવોને ઓળખવા બહુ મુશ્કેલ પડે અને કંઈક જગ્યાએ શંકા પડે. આ તો ત્યાગી જેવું જીવન હોય, નિવૃત્ત જીવન હોય, બહારના મન-વચનના યોગ પણ એવા જ અનુકૂળ હોય કે, જેને માટે બહુ પૂછવા જવું પડે નહિ, બહુ સમજવાની બુદ્ધિની જરૂર પડે નહિ. તોપણ ન

સમજે તો બીજો ઉપાય નથી. એવા શાંત અને ઠરેલ, પ્રશમભાવયુક્ત મન-વચન-કાયાના યોગ એ તો સહજપણે જ્ઞાનીની ઓળખાણ કરાવે એવી પરિસ્થિતિ છે. 'શ્રીમદ્જી' હતા તો ગૃહસ્થ. શંકા પડે, વેપાર-ધંધો, કુટુંબ-પરિવાર (બધું હતું). 'સોગાનીજી' (પણ) ગૃહસ્થમાં હતા. (ઓળખવા) મુશ્કેલ પડે. આ તો સમજી શકાય એવું છે.
(પ્રવચનાંશ... 'બહેનશ્રીના વચનામૃત'-૬૦, 'અધ્યાત્મ સુધા' ભાગ-૨, તા.-૧૬-૩-૧૯૮૭, પ્ર. ક્ર.-૪૮, પાનું-૨૭૦,૨૭૧)

*

આ વચનામૃતના પ્રવચનો કરતા ત્યારે 'ગુરુદેવ' તો કહેતાં કે, આ ભગવાનની વાણી છે ! આ દિવ્યધ્વનિમાં આવેલો વિષય છે ! એ ભગવાનની વાણી જિનવાણી છે, આ જિનવાણી છે.

.....વર્તમાન સમાજને અત્યારે શું જરૂરી છે એ જે 'પૂજ્ય બહેનશ્રી'ના જ્ઞાનમાં આવ્યું છે એ અસાધારણ પ્રકારથી આવ્યું છે. એટલે એ જ વિષય એમના પ્રવચનોમાં નીકળ્યો છે. આ તો પ્રવચનોમાં નીકળેલી વાત લખાઈ ગયેલી છે ને ? ભલે વર્ષો પહેલાં વાત થઈ છે તોપણ વર્તમાન વર્તતા મુમુક્ષુ સમાજની યોગ્યતાને શું પીરસવું જોઈએ, શું દેવું જોઈએ, શું દેવું આવશ્યક છે એ અસાધારણ રીતે જ્ઞાનમાં આવીને આ વાત નીકળેલી છે.
(પ્રવચનાંશ...'બહેનશ્રીના વચનામૃત'-૬૧, 'અધ્યાત્મ સુધા' ભાગ-૨, તા-૧૮-૩-૧૯૮૭, પ્ર. ક્ર.-૫૦, પાનું-૨૯૪,૨૯૫)

*

હા, એક એક બોલ એવા છે, હોં ! મુમુક્ષુઓ માટે તો એને નિત્ય સ્વાધ્યાય કરવાનું એક શાસ્ત્ર હોય, જેમ પેલા અન્ય મતમાં કહે છે ને ? ત્યાં 'ગીતા'ની મુખ્યતા આપે છે અને 'ગીતા'ની અંદર 'ગીતા'નો આગળનો એક 'માહાત્મ્ય' નામનો પાઠ હોય છે. એ બીજાએ રચેલો હોય છે. 'ગીતા'ની મૂળ રચના નથી. એમાં રોજ વાંચવું એના ઉપર બહુ આગ્રહ હોય છે કે, રોજ આખી 'ગીતા' વાંચવી. તું આખી ન વાંચ તો રોજ એક અધ્યાય વાંચજે, રોજ એક અધ્યાય ન વાંચ તો આટલા શ્લોક વાંચજે, છેવટે એક શ્લોક પણ વાંચજે, પણ તું રોજ 'ગીતા' વાંચજે. આ મુમુક્ષુને 'ગીતા' જેવો ગ્રંથ છે ! મુમુક્ષુને લાયક ઘણી વાતો કરી છે. સમ્યક્દૃષ્ટિના - જ્ઞાનીની દશાના પણ અનેકવિધ પરિણામ બતાવ્યા છે કે જેથી મુમુક્ષુ એને અનુરૂપ પોતાની દશા કરી શકે, એને અનુરૂપ પોતાની વિચારણા રાખી શકે અને મુમુક્ષુને યોગ્ય પણ અનેક પ્રકારની, અનેક પડખેથી વાતો કરી છે અને બધી અનુભવગમ્ય -અનુભવસિદ્ધ વાતો છે.
(પ્રવચનાંશ...'બહેનશ્રીના વચનામૃત'-૪૯, 'અધ્યાત્મ સુધા' ભાગ-૨, તા-૨૫-૧-૧૯૮૭, પ્ર. ક્ર.-૪૧, પાનું-૧૪૮)

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી દ્વારા લિખિત ભક્તિમય પત્રો

('બહેનશ્રીની સાધના અને વાણી'માંથી સાભાર)



અહો! શ્રી સદ્‌ગુરુદેવ! મારા જેવા પામર ઉપર આપે અપાર કરુણા વરસાવી છે. આપની શું સેવા ભક્તિ કરીએ? જે કરીએ તે બધું ઓછું છે.

મન વચન કાયાએ કરી નિરંતર સમીપપણે આપની ચરણસેવા હોજો એ હૃદયની ઉંડી ભાવના છે. આ કાળે આ ભરતક્ષેત્રમાં આપે આપની જાતે છૂપાએલો મોક્ષમાર્ગ શોધીને બીજાને તે માર્ગ સમજાવી અપૂર્વ ઉપકાર કર્યો છે.

અહો! ગહન અને ઉંડુ વસ્તુનું સ્વરૂપ સુક્ષ્મને તીક્ષ્ણ શ્રુત શૈલીથી સમજાવી જ્ઞાનના રહસ્યો ખોલીને અમારા જેવા પામર ઉપર અનંત અનંત ઉપકાર કર્યો છે. અહો! પ્રભુ! અમે આપની ભક્તિ–સેવા સિવાય બીજું શું કરી શકીએ!

આપના ચરણકમળમાં પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર નમસ્કાર.

*

પરમ ઉપકારી, ભરતત્રક્ષેત્રમાં અપૂર્વ શ્રુતધારા વરસાવનાર, મંગળમૂર્તિ ગુરુદેવને પરમ ભક્તિથી નમસ્કાર.

શ્રી કહાનગુરુદેવના પાવનકારી આહારદાનના પ્રસંગો તેમજ પૂ. ગુરુદેવના તીર્થયાત્રાના અવસરો, શ્રી જિનેન્દ્ર પ્રતિમાઓના કલ્યાણક અવસરો વગેરે પુનિત પ્રસંગો તે બધા પુણ્યોદયે બને છે. તે પ્રસંગો યાદ કરતાં ઉલ્લાસ આવે છે.

શ્રી ગુરુદેવના અંતરમાં પ્રગટેલા જળહળતાં શ્રુતજ્ઞાન સુર્ય દ્વારા અનુપમ રહસ્યો ઝરતી અમૃત વાણી નિરંતર સુણવાનો અપૂર્વ યોગ પ્રાપ્ત થયો છે તે મહાભાગ્ય છે.

ગુરુદેવની નિરંતર વાણી તેમના આહારદાન વગેરેના પાવન પ્રસંગો જે પંચમકાળે મળ્યા તે અહોભાગ્ય છે.

અનંતકાળના પરિભ્રમણનું દુઃખ અને વિભાવનું દુઃખ સર્વ પરદ્રવ્ય પરભાવોને ભેદભાવોથી ન્યારા શુદ્ધાત્મ તત્વને બતાવનારી ગુરુદેવની વાણીથી સહજે ટળે છે.

પૂ. ગુરુદેવે શુદ્ધાત્મ તત્વને પ્રગટ કરવાનો માર્ગ બતાવી પંચમકાળમા અનેક જીવોના દુઃખ

ટાળ્યા છે. સુખધામ, આનંદધામ આત્માને પ્રગટ કરવાનો માર્ગ સુગમ કર્યો છે.

પરમ પરમ ઉપકારી ગુરુદેવના ચરણકમળોમાં પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર.

*

સોનગઢ, વિ.સં. ૨૦૦૩
(ઈ.સ. ૧૯૪૭)

...!

અપૂર્વ માર્ગ પ્રકાશક કૃપાળુ ગુરુદેવના ચરણકમળમાં પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર.

દ્રવ્યજીવન અને ભાવજીવનના આધાર, અપૂર્વ સર્વસ્વ ઉપકારી, પરમ-કૃપાળુ, અદ્ભુત ગુરુદેવ સુખશાન્તિમાં બિરાજે છે. શારીરિક પ્રકૃતિ સારી છે.

હવે તો વિભાવના બધા વિકલ્પથી છૂટીને વીતરાગપર્યાયે પરિણમશું ત્યારે ધન્ય થશે! હજારો મુનિઓનાં ટોળાં જે કાળે વિચરતાં હશે તે પ્રસંગને ધન્ય છે! તેવા કાળે મુનિપણું લઈ ઘડીમાં અપ્રમત્ત, ઘડીમાં પ્રમત્ત-એવી દશાને સાધી વીતરાગપર્યાયે પરિણમશું ત્યારે ધન્ય થશે! અત્યારે પણ જેમ બને તેમ પુરુષાર્થ વધારી નિર્મળ પર્યાયને વિશેષ વિશેષ પ્રગટ કરવી તે જ શ્રેયરૂપ છે.

લિ.
નિરંતર શ્રી દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા ઈચ્છનાર
બહેન ચંપાના યથાયોગ્ય....
– શ્રી વીતરાગભાવને નમસ્કાર

*

પરમ કૃપાળુ કહાનગુરુદેવનો આ પંચમકાળમાં અદ્વિતીય અવતાર છે. જેમના દર્શનથી અને અમૃતમય વાણી ભગવાનના વિરહને ભૂલાવે એવી છે, જેમની વાણીની અનુપમ ધારા ચૈતન્યને પલટાવે એવી અદ્ભુત છે.

અહો! એવા પરમ ઉપકારી કહાન ગુરુદેવનો શું મહિમા થાય?


પરમ કૃપાળુ ગુરુદેવના ચરણોમાં પરમ ભક્તિથી નમસ્કાર!

*

## આવશ્યક સુચના

"સ્વાનુભૂતિ પ્રકાશ" માસિક પત્રિકા સમયસર પ્રાપ્તિ માટે જે લોકોને **(e-copy) - pdf.** ના રૂપમાં જોઈતી હોય તેમણે પોતાના રજિસ્ટ્રેશન માટે નીચેના નંબર પર સંપર્ક કરવો.
શ્રી નીરવ વોરા :- ૯૮૨૫૦૫૨૯૧૩

# જીવને અધોગતિમાં જાવાનું કારણ - કુટુંબમોહ અને પરમાં મારાપણું !



## શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૫૧૦ પર પ્રવચન

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્ર ૫૧૦ મો ચાલે છે. મુમુક્ષુની ભૂમિકામાં દર્શનમોહ યથાર્થ પ્રકારે જ્યાં સુધી નબળો પડતો નથી ત્યાં સુધી મુમુક્ષુજીવને પણ કુટુંબ પ્રતિબંધ રહે છે. કૃપાળુદેવે ચાર પ્રકારના પ્રતિબંધ કહ્યાં છે. સમાજ પ્રતિબંધ, કુટુંબ પ્રતિબંધ, શરીર પ્રતિબંધ અને સંકલ્પ-વિકલ્પ પ્રતિબંધ.

સમાજની મુખ્યતા કરીને આત્મકલ્યાણના સાધનને ગૌણ કરવું એટલે કે આત્મકલ્યાણને ગૌણ કરવું તે સમાજ પ્રતિબંધ છે. તેમાં સમાજની નજરમાં પોતાની આબરૂ જાળવી રાખવાનો અભિપ્રાય રહે છે. તે અભિપ્રાયને કારણે તીવ્ર પરલક્ષ રહે છે. અને પરલક્ષ રહેવાને કારણે જીવ પોતાનું સ્વલક્ષ ચૂકી જાય છે. અને પોતાનું આત્મકલ્યાણ તે કરી શકતો નથી.

એવી જ રીતે કુટુંબ પ્રતિબંધ હોય છે. તેમાં કુટુંબને મુખ્ય કરીને કે કુટુંબના કાર્યોને મુખ્ય કરીને કુટુંબ સ્નેહવશ આત્મકલ્યાણ અને આત્મકલ્યાણના સાધનને ગૌણ કરી દેવું, તે કુટુંબ પ્રતિબંધ છે. કૃપાળુદેવે આ પત્રમાં જે ઉપદેશ આપ્યો છે તે કુટુંબ પ્રતિબંધ મટાડવા અર્થે આપ્યો છે. કુટુંબ પ્રતિબંધ કોનો મટે છે ? કે જેનો દર્શનમોહ નબળો પડે છે તેનો. દર્શનમોહના કારણે પરિણામ શું આવે છે ? કે, કુટુંબ - પરિવાર આદિમાં પોતાપણું રહે છે.

આપણા સ્વાધ્યાયમાં ગઈકાલે ચર્ચા ચાલી હતી કે, પોતાપણું કરીને કુટુંબના કાર્યો કરવાના નથી. કુટુંબકાર્ય તો કરવા જ પડશે અને પ્રમાણિકતાથી કરવા પણ જોઈએ. કેમ ? કેમકે આપણને પણ (અમુક) સુવિધાઓ કુટુંબથી મળે છે. (તેથી) કુટંબવાળાને પણ આપણા થકી સુવિધાઓ મળવી જોઈએ. આ તો પરસ્પરની duty થઈ પડે છે. જ્યારે આ ફરજ નિભાવવી છે તો તેમાં સાવધાની શું રાખવાની છે ? તેટલી જ વાત છે. આપણે એ સાવધાની રાખવાની છે કે, પોતાપણું કરવાનું નથી. પોતાપણું નહિ કરવાના પ્રયાસથી પોતાપણું ઢીલું પડે છે. મુમુક્ષુની ભૂમિકામાં (પોતાપણું) છૂટી નથી જતું, છૂટશે તો જ્ઞાનદશામાં, તે જ્ઞાનીને છૂટશે. મુમુક્ષુની ભૂમિકામાંથી પસાર થઈ જ્ઞાનદશામાં પ્રવેશ થશે ત્યારે આ પોતાપણું જશે. તે પહેલા મુમુક્ષુને પોતાપણું છૂટતું નથી પરંતુ ઢીલું તો અવશ્ય થઈ શકે છે. વળી, ઢીલું થયા વગર જશે પણ નહીં. જ્યાં સુધી (પોતાપણું) બળવાન હશે ત્યાં સુધી તો તે જવાનું જ નથી. કુટુંબના કાર્ય કરતા-કરતા પણ પોતાપણું ઢીલું પડી જાય, તે મુમુક્ષુની સાચી ભૂમિકા છે. આ વિષયમાં વાત ચાલી રહી છે.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! જો કુટુંબમાં પતિ–પત્ની બન્ને મુમુક્ષુ હોય તેમાં પોતાનું પોતાપણું અને કુટુંબ પ્રતિબંધ વધી ન જાય અને મુમુક્ષુ પ્રત્યેનું વાત્સલ્ય પણ જળવાય રહે, તેમાં સંતુલન કેવી રીતે રાખવું?

પૂજ્ય ભાઈશ્રી :– જ્યારે કુટુંબમાં પણ કુટુંબના સભ્ય (મુમુક્ષુ) હોય – પછી ભલે પતિ–પત્ની હોય કે પિતા–પુત્ર હોય કે ભાઈ–ભાઈ હોય, કોઈ પણ સંબંધ હોય – જ્યારે બન્નેને આત્મકલ્યાણની ભાવના છે તો બન્ને સમજદાર હોય છે કે, આપણે પોતાપણું કર્યા વગર, સાધર્મી વાત્સલ્ય વિશેષ વધારી એકબીજાને આત્મકલ્યાણ કરવામાં સહકાર આપવો છે. (ઘણી) સારી વાત છે. એમાં તો કોઈ આપત્તિ નથી.

મુમુક્ષુ :– એક ભય રહે છે કે ક્યાંક વાત્સલ્યના અંચળા હેઠળ પોતાપણાની feeling develop ન થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– પોતાપણું થવું એક વાત છે અને વાત્સલ્ય હોવું તે બીજી વાત છે. વાત્સલ્ય છે તે ધર્મપ્રેમ છે. વાત્સલ્ય શું ચીજ છે ? ધર્મપ્રેમને વાત્સલ્ય કહે છે. જ્યારે સંસારપ્રેમને વાત્સલ્ય નથી કહેતા. તે તો સંસારનો રાગ છે. સંસારમાં જે પરસ્પરનો રાગ છે, તેનો આધાર – તેનું માધ્યમ ધર્મ નથી. જ્યારે અહીં વાત્સલ્યનું માધ્યમ ધર્મ છે. શું છે ? વાત્સલ્યનું માધ્યમ ધર્મ છે. માધ્યમ બદલાઈ જાય છે, તે ન સમજાય શું ? માધ્યમને ન સમજી શકાય શું ? કે, આપણું માધ્યમ ક્યુ છે ? જુઓ ! કુટુંબના રાગમાં અધિકારબુદ્ધિ હોય છે. શું હોય છે ? અધિકારબુદ્ધિ હોય છે. જ્યારે ધાર્મિક વાત્સલ્યમાં મૈત્રી રહે છે. મિત્ર ક્યારેય અધિકાર કરે ખરો ? જો સાચી મૈત્રી હોય તો તેમાં અધિકાર હોતો નથી, સ્નેહ હોય છે – પ્રેમ હોય છે. સંસારમાં સંબંધમાં તો અધિકારબુદ્ધિ આવ્યા વગર રહેશે નહીં. (જેમ કે) 'આ મારો અધિકાર છે' આ જે આપણો સંબંધ છે તે સંબંધને કારણે અધિકાર ભોગવવાની વૃત્તિ રહે છે. એ રીતે બન્નેમાં તો ઘણો મોટો ફરક છે. એકદમ (બન્નેના) વિભાગ થઈ જાય છે – વાત અલગ થઈ જાય છે.

મુમુક્ષુ :– પ્રશ્નના સંદર્ભમાં બીજો પ્રશ્ન છે કે, પતિ–પત્ની બન્ને એકબીજા સાથે સંમત ન હોય તો શું કરવું જોઈએ ?

પૂજ્ય ભાઈશ્રી :– જ્યારે એકબીજાને વિચારભેદ ચાલતો હોય – અભિપ્રાય વિરુદ્ધ ચાલતો હોય, ભેદ એટલે કે વિરુદ્ધ ચાલતા હોય તો સૌ પ્રથમ તો સમજાવવાની કોશિશ કરવી જોઈએ કે, જુઓ ! મારો અને તમારો જે સંબંધ છે તેમાં એકબીજાને નુકસાન થાય, ખરાબ દેખાય કે એકબીજાને કોઈ તકલીફ પડે – દુઃખ થાય એવું તો આપણે આપસમાં ઈચ્છતા નથી. પોતાપણું હોવાથી એકબીજાને દુઃખી કરવા તો માગતા નથી. તો પછી પહેલા તો સમજાવવાની કોશિશ કરવી જોઈએ કે જુઓ ! આવો લોકોત્તર સુખનો માર્ગ, લોકોત્તર સુખનો ઉપાય, તેની પૂરી line ક્યાંય મળતી નથી. એક આ જ ધર્મને છોડીને વિશ્વમાં ક્યાંય મળતી નથી. માટે આવી અમૂલ્ય ચીજને સમજવાની કોશિશ કરો.

સમજમાં આવતા બીજું કાંઈ કહેવું પણ નહીં પડે. જ્યાં સુધી (વાત) સમજણમાં આવતી નથી, ત્યાં સુધી સમજાવવી પડે છે. તેમ છતાં પણ કોઈ સંસારના બંધન અને મોહને વશ સમજવા માંગે જ નહિ એવું પણ બની શકે છે. કોઈક સમજદાર હોય તે તો સમજી જાય છે. કારણકે પોતાના નિજ સુખની તો વાત છે. વાત તો પોતાના સુખની છે – પોતાના સ્વાર્થની છે. બહુભાગ તો સમજદાર સમજી જાય છે. પરંતુ કેટલાક લોકો એવા પણ હોય છે – નાસમજ હોય છે, સમજવા માગતા નથી. એવું પણ બને છે. તો પછી તેની ઉપર વાતને થોપવી નહિ. થોપવી નહિ, દબાણ કરવું નહિ, કાંઈ ન કરવું. તેની સ્વતંત્રતા તેને ભોગવવા દો. અને આપણે આપણાં રસ્તે ચાલો. આપણે આપણું કાર્ય કરો. આ વિષયમાં પછી જો ચર્ચા કરશો તો તેને એમ લાગશે કે મારી ઉપર દબાણ થઈ રહ્યું છે, પોતાની માન્યતાને થોપે છે, પોતાના વિચારોને લાદે છે. (જ્યારે આપણે) લાદવું નથી, થોપવું નથી – એટલી સાવધાની રાખીને કોઈ અપીલ કરે તો મોટાભાગે સમજદાર હોય તો તે સમજી જાય છે. કોઈ નાસમજ હોય અને ન સમજે તો વાતને છોડી દેવી. માની લેવું કે, હજી આનું પરિભ્રમણ ઘણું છે. એનું હોનહાર સારુ નથી તો હું શું કરી શકું ? જેનું હોનહાર સારું નથી, જેનું પરિભ્રમણ ઘણું છે તેને આ વાતની રુચિ ન થાય તો તેમાં આપણો કોઈ પ્રયાસ કામમાં આવતો નથી. તેમ છતાં હઠથી કાંઈ કરવા જશો તો ક્લેશ વધી જશે. આપણે ક્લેશ કરવો નથી અને વધારવો પણ નથી. પોતપોતાના કાર્યમાં લાગી જાઓ ! તેને તેનું કામ કરવા દો ! (કોઈપણ) વાત શાંતિથી સમજણપૂર્વક કરવી છે. જો ઠીક થઈ જાય તો તેનું પણ ભલું છે અને ન ઠીક થાય તો આપણે શું કરી શકીએ ? એનો તો કોઈ ઈલાજ સંસારમાં – જગતમાં છે જ નહીં. બધાં જ સ્વતંત્ર છે. તેની સ્વતંત્રતા પર તરાપ મારવી તે આપણું કામ નથી.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! લૌકિક મિત્રતા અને ધાર્મિક મિત્રતા બન્નેમાં નિઃસ્વાર્થપણું હોય તો તેમાં કેવી રીતે લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :– લૌકિક મિત્રતામાં નવ્વાણું ટકા નિઃસ્વાર્થતા હોતી નથી. અપવાદને એકબાજુ રાખીએ. બાકી નવ્વાણું ટકા તો કોઈ ને કોઈ સ્વાર્થ હોય જ છે. જ્યારે ધાર્મિક મિત્રતામાં સ્વાર્થ હોતો નથી. ધાર્મિક મિત્રતામાં સામેવાળાની ભલાઈને મુખ્ય રાખીને મિત્રતા રાખવામાં આવે છે. તેનું પણ ભલું થાય, તેનું પણ કલ્યાણ થાય એટલી જ વાત છે.

(પ્રવચનનો શેષ ભાગ આવતા અંકે...)

## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (ઑગષ્ટ–૨૦૨૫, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ
**શ્રીમતી કૃપાલીબેન પિયુષભાઈ ભાયાણી, કોલકાતા**
તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,
જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.



# ‘માર્ગદર્શન’

–‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’– પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

**બંધનરહિત સ્વભાવ માટે વાંચન, મનન, ઘૂંટણ કરું તો પક્કડમાં આવે, તે વાત જ નથી. ‘તે તો હું ત્રિકાળી જ છું’ – એમ વર્તમાનમાં જ તેમાં થંભી જાઓ.** (વિકલ્પાતીત સ્વભાવના વિકલ્પથી ક્યારેય અનુભવ થતો નથી; પરંતુ નિર્વિકલ્પ સ્વભાવની પ્રત્યક્ષતાને પ્રત્યક્ષપણે આવિર્ભૂત કરવાથી, પરોક્ષતા વિલીન થઈને અતીન્દ્રિય પ્રત્યક્ષ અનુભવ થાય છે.) (૩૯૪)

*

**સાંભળવાની રુચિ તો બધાની** (ચર્ચા સાંભળવાવાળાને લક્ષમાં લઈને) **ઠીક છે, પરંતુ તેનાથી અનંતગુણી રુચિ અંદરની હોવી જોઈએ.** (વાસ્તવમાં સ્વરૂપની રુચિનું એવું સ્વરૂપ છે કે એની સામે તત્ત્વની રુચિ કાંઈ નથી. અર્થાત્ તત્ત્વ સાંભળવા-વાંચવા આદિની રુચિમાં મુમુક્ષુજીવને ઠીકપણું નહિ લાગવું જોઈએ. ‘અંતર્મુખ થવામાં ઘણું બાકી છે’ – એમ ધ્યાનમાં રહેવું જોઈએ.) (૪૧૩)

*

**ખરેખર તો બળવાન વસ્તુનું બળ આવવું જોઈએ.** (૪૧૬)

*

**‘પોતાથી જ કામ થશે’ તે તો પહેલેથી પાકું થઈ જવું જોઈએ. પોતાનું બળ આવ્યા વિના તો** (બીજો) **કોઈ આધાર** (ઉપાય) **જ નથી.** (૪૨૬)


*

**‘પહેલાં હું સમજી લઉં.** (ધારણા કરી લઉં) **પછી પ્રયાસ કરીશ.’ – એમ તો કાર્ય થશે જ નહિ.** (અંતર –) **પ્રયાસ તો સાંભળતાં જ ચાલુ થઈ જવો જોઈએ. પછી થોડી રુકાવટ આવે તો, તેને દૂર કરવા માટે સાંભળવા-સમજવાનો ભાવ આવે છે, પરંતુ ‘હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું.’ ત્યાં ચોટ રાખીને** (ચિત્ત ચોંટાડીને) **જ બધો પ્રયત્ન થવો જોઈએ. ત્યાંથી તો છૂટવું જ ન જોઈએ.** (૪૨૮)

*

**પરિણામમાં બેઠા છો, તો દ્રવ્યમાં બેસી જાઓ ! પરિણામ તો કંપી રહ્યા છે. દ્રવ્ય નિષ્કંપ છે. કાંપતા પરિણામના આશ્રયે કાંપતા જ રહેશો. નિષ્કંપ દ્રવ્યના આશ્રયે નિષ્કંપતા થશે.** (૪૩૦)

*



## – પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી

## રાજહૃદય !!

પત્રાંક – ૩૯૧

મુંબઈ, શ્રાવણ સુદ ૧૦, બુધ, ૧૯૪૮

કેવળ નિષ્કામ એવા યથાયોગ્ય.

અત્ર ઉપાધિયોગમાં છીએ એમ જાણીને પત્રાદિ પાઠવવાનું નહીં કર્યું હોય એમ જાણીએ છીએ. શાસ્ત્રાદિ વિચાર, સત્કથા પ્રસંગે ત્યાં કેવા યોગથી વર્તવું થાય છે ? તે લખશો.

'સત્' એક પ્રદેશ પણ અસમીપ નથી, તથાપિ તે પ્રાપ્ત થવાને વિષે અનંત અંતરાય લોકપ્રમાણે પ્રત્યેક એવા રહ્યા છે. જીવને કર્તવ્ય એ છે કે અપ્રમત્તપણે તે 'સત્'નું શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવાનો અખંડ નિશ્ચય રાખવો.

તમ સર્વને નિષ્કામપણે યથા૦

*

પત્રાંક – ૩૯૨

મુંબઈ, શ્રાવણ સુદ ૧૦, બુધ, ૧૯૪૮

જે અવસરે જે પ્રાપ્ત થાય તેને વિષે સંતોષમાં રહેવું એવો હે રામ ! સત્પુરુષોનો કહેલો સનાતન ધર્મ છે, એમ વસિષ્ઠ કહેતા હતા.

*

પત્રાંક – ૩૯૩

મુંબઈ, શ્રાવણ સુદ ૧૦, બુધ, ૧૯૪૮

મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજાં કામ કરંત;
તેમ શ્રુતધર્મે રે મન દ્રઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત.

જેમાં મનની વ્યાખ્યા વિષે લખ્યું છે તે પત્ર, જેમાં પીપળ–પાનનું દ્રષ્ટાંત લખ્યું છે તે પત્તું, જેમાં 'યમ નિયમ સંયમ આપ કિયો' એ આદિ કાવ્યાદિ વિષે લખ્યું છે તે પત્ર,જેમાં મનાદિ નિરોધ કરતાં શરીરાદિ વ્યથા ઉત્પન્ન થવા વિષેનું સૂચવન છે તે પત્ર, અને ત્યારપછીનું એક સામાન્ય, એમ પત્ર–પત્તાં મળ્યાં તે પહોંચ્યાં છે. તેને વિષે મુખ્ય એવી જે ભક્તિ સંબંધીની ઇચ્છા, મૂર્તિનું પ્રત્યક્ષ થવું, એ વાત વિષેનું પ્રધાન વાક્ય વાંચેલ છે, લક્ષમાં છે.

એ પ્રશ્ન સિવાય બાકીનાં પત્રો સંબંધી ઉત્તર લખવાનો અનુક્રમે વિચાર થતાં થતાં હાલ તે સમાગમે પૂછવા યોગ્ય જાણીએ છીએ અર્થાત્ એમ જણાવવું હાલ યોગ્ય ભાસે છે.

બીજાં પણ જે કોઈ પરમાર્થ સંબંધી વિચાર-પ્રશ્ન ઉત્પન્ન થાય તે લખી રાખવાનું બની શકે તેવું હોય તો લખી રાખવાનો વિચાર યોગ્ય છે.

પૂર્વે આરાધેલી એવી માત્ર જેનું નામ ઉપાધિ છે એવી સમાધિ ઉદયપણે વર્તે છે.

વાંચન, શ્રવણ, મનનનો હાલ ત્યાં જોગ કેવા પ્રકારનો બને છે ?

આનંદઘનજીના બે વાક્ય સ્મૃતિમાં આવે છે તે લખી અત્યારે આ પત્ર સમાપ્ત કરું છું.

ઈણવિધ પરખી મન વિસરામી, જિનવર ગુણ જે ગાવે;
દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે.
હો મલ્લિજિન સેવક કેમ અવગણીએ.

---

મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજાં કામ કરંત;

---

જિન થઈ જિનવર જે આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે.
– શ્રી આનંદઘન.

*

(પાના નં ૧૯ થી આગળ... )

કરીને પરપદાર્થને રુચિથી અને રસથી સેવે અને એને સંસારદુઃખ ન થાય (એમ) ત્રણ કાળમાં બનવાનું નથી. ઉપરથી ઈન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર ઊતરે તોપણ એના દુઃખમાંથી કોઈ બચાવી શકે નહીં. આ નિયમબદ્ધ વાત છે. લોકોને – જીવોને સંસારદુઃખ જોઈતું નથી પણ એ ઝેર ખાય છે, ઈચ્છાએ કરીને ઝેર ખાય છે અને કહે છે કે મારે એનું ફળ જોઈતું નથી ! (એમ તો) ત્રણ કાળમાં નહીં બને. તું દુઃખી થાવાનો, થાવાનો ને થાવાનો (આ) નિયમબદ્ધ વાત છે.

મુમુક્ષુ : સુખ જોઈએ છે પણ સુખનું કારણ એવા ધર્મનું સેવન કરતો નથી.

પૂજ્ય ભાઈશ્રી : જોઈએ છે સુખ અને દુઃખના કારણને સેવે છે, ઈચ્છાએ કરીને અને રુચિએ કરીને! અને પછી પાછો એમ કહે છે કે મારે દુઃખ જોઈતું નથી. તો ઈ તો કોઈ દિવસ બની શકવાનું નથી. એ વસ્તુ સ્વરૂપ છે. મૂળ આ બોલનો જે વિષય છે એ વસ્તુનું સ્વરૂપ જ આવું છે એમ કહેવા માગે છે કે આ વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુનું સ્વરૂપ નહીં બદલાય. ત્રણ કાળને વિશે વસ્તુનું સ્વરૂપ બદલાશે નહીં.

(પ્રવચનાંશ...'બહેનશ્રીના વચનામૃત'-૧૦૬, 'અધ્યાત્મ સુધા' ભાગ-૩, તા.-૦૬-૦૫-૧૯૮૭, પ્ર.ક્ર.-૮૪, પાનું-૩૮૫,૩૮૬)

*

# આકુળતા થવાનું વાસ્તવિક કારણ !

**- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ**



*'પરપદાર્થ પરનો છે, પોતાનો થતો નથી, પોતાનો કરવામાં માત્ર આકુળતા થાય છે.'* આ પણ તપાસવાનો વિષય છે કે જ્યારે જ્યારે હું પરપદાર્થમાં મમત્વ કરું છું ત્યારે મને મીઠું લાગે છે કે મને આકુળતા થાય છે ? આ દીકરો મારો, ઠીક ! મારો એટલે સારો. કોઈ ખરાબ કહે એને ? મીઠું લાગે છે કે આકુળતા થાય છે ? આ તપાસનો વિષય થાય છે. અહીંયાં તો હા પાડશે કે, બરાબર છે. હાજી ! આપ કહો છો એમ જ છે. પરપદાર્થને પોતાનો કરવામાં તો આકુળતા જ થાય છે, ખરેખરી વાત છે. પણ કોને ખરેખરી વાત છે ?

મુમુક્ષુ : ત્યાં મીઠું લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી : મીઠું લાગે. ગુણવાન હોય, સારું કમાતો હોય અને મીઠાં મીઠાં મામણા મામણા શબ્દોથી ભાઈ... ભાઈ... બાપુજી... બાપુજી... જે કાંઈ જેને જે કહેવાતું હોય એ એને મીઠું મીઠું લાગે, કે આ બહુ સારું ! બહુ સરસ ! આવા દીકરા બહુ ઓછાને હોય છે. ઠીક ! તું તો ગયો, ઊંડા કૂવામાં ઊતર્યો! ખેંચીને બહાર કાઢવો મુશ્કેલ પડશે.

અહીંયાં તો એમ કહે છે કે, એમાં આકુળતા થાય છે. તપાસીને નક્કી કર કે મીઠાશ થાય છે કે આકુળતા થાય છે ? જ્યાં આકુળતા થાય છે ત્યાં તને મીઠું લાગે છે એ દુઃખમાંથી કેવી રીતે નીકળીશ તું ? છે તો દુઃખ જ, તને ભલે લાગે કે ન લાગે ઈ બીજી વાત છે. તારી કલ્પના સુખની છે એટલે તને ઘડીભર નથી લાગતું પણ એથી કરીને દુઃખ કાંઈ સુખ થવાનું નથી, કાચ કાંઈ હીરો થવાનો નથી. કાંકરા કાંઈ હીરા થાય નહીં. કાંકરાને હીરા માને; નદીમાં પેલા આવે છે ને રંગબેરંગી કાંકરા ? છોકરાઓ ભેગા કરે, માને કે અમારી પાસે હીરાનો ડબ્બો ભર્યો છે. ઈ કાંઈ હીરા થાય નહીં.

પછી જેના ઉપર મમત્વ હોય એને કાંઈક થાય, થાય તો ખરું જ ને ? શરીર હોય તો શાતા-અશાતાનો ઉદય આવે એટલે એને ન થાય, થાય આને પાછું ! કોને થાય ? જેને મમતા હોય એને થાય. એને નથી થાતું ખરેખર તો આને થાય છે. આ દશા એકત્વબુદ્ધિમાં થયા વિના રહે નહીં. મમતા કરે છે ત્યારે દુઃખમૂળને પોષણ આપે છે એનો વિચાર આવતો નથી, પછી કલ્પના બહાર - ધારણા બહાર પ્રસંગ ઉત્પન્ન થાય, જેને પ્રતિકૂળતા કહે ત્યારે પછી પ્રગટ દુઃખનો અનુભવ થાય છે. ભાઈ ! ઈ તો મમતા ટાંણે મીઠાશ વેદી ત્યારે તો તેં ઝેર ખાઈ લીધું હતું ! હવે કહે છે કે, મને પાછળથી કડવું લાગ્યું ! પણ પહેલા મીઠું લાગ્યું ઈ જ તારી ભૂલ હતી. કડવું પાછળથી લાગ્યું. મીઠાશનું ઝેર તો પહેલાં ખાધું છે.

જ્યારે જ્યારે સંયોગમાં મીઠાશ વેદાય ત્યારે ઝેર ખવાય છે એટલું વિચારમાં આવે તો એને જાજો રસ ન પડે. નહીંતર એટલો રસ પડે, કાળ થોડો અને રસ એટલો જાજો પડે કે છૂટવું મુશ્કેલ થાય ! ઈચ્છાએ

(અનુસંધાન પાના નં ૧૮ પર... )

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
*Title Code : GUJGUJ07425*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'




## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર
ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.
સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

If undelivered please return to ...
**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

Printed Edition : **1225**
Visit us at : http://www.satshrut.org

mayur process 9374825041